
Read India
An imprint of Pratham Books



# આપણી સુંદર દુનિયા

હરમિન્દર ઓહરી

RGF Pratham
SERIES

Original Story (*English*)
Our Wonderful World by Herminder Ohri
© Pratham Books, 2004

Second Gujarati Edition: 2010

Illustrations: Herminder Ohri & Baaraan Ijlal
Design: Moonis Ijlal
Gujarati Translation: Kalpana Palkhiwala

ISBN: 81-8263-400-8

Registered Office:
PRATHAM BOOKS
633-634, 4th "C" Main, 6th 'B' Cross,
OMBR Layout, Banaswadi,
Bangalore 560 043
✆ +91 80 25420925 / 42052574


Regional Office:
New Delhi ✆ +91 11 41042483

Typesetting and Layout by:
Pratham Books, New Delhi

Printed by:
Pentaplus Printers Pvt. Ltd., Bangalore

Published by:
Pratham Books
www.prathambooks.org

Some rights reserved. This book is CC-[illegible] licensed.
Full terms of use and attribution available [illegible]
http://www.prathambooks.org/cc



# આપણી સુંદર દુનિયા


લેખન
હરમિન્દર ઓહરી

ચિત્રાંકન
હરમિન્દર ઓહરી
બારાન ઈજલાલ




ગુજરાતી અનુવાદ
કલ્પના પાલખીવાળા


ઘણી જૂની વાત છે. એ વેળા આ ધરતી પર કોઈ માણસ રહેતો ન હતો. દુનિયા બનાવનારાએ વિચાર્યું- “મારે એક રખેવાળ જોઈએ જે આ દુનિયાની દેખભાળ કરી શકે.”




સિંહે ત્રાડ નાખીને કહ્યું, “એની શી જરૂર છે? હું જંગલનો રાજા છું. હું જ આખી દુનિયાની રખેવાળી કરીશ.”




હાથીએ માથુ ધુણાવતાં કહ્યું - "હજુર, તમે મને આવો ભારે ભરખમ અને શાણો બનાવ્યો છે. આ કામ માટે તો હું જ યોગ્ય છું."




વહેલ માછલીએ પૂછયું, “શું આ બધા તરી શકે છે? શું તેઓ બીજી માછલીઓ અને સમુદ્રના જીવ-જંતુઓની રખેવાળી કરી શકશે? આખરે હું છું સમુદ્રની રાણી. મારૂં માથુ પાણીની સપાટીની ઉપર કાઢીને હું જોઈ શકું છું કે ધરતી ઉપર શું થઈ રહ્યું છે.”




શાર્કે જાહેરાત કરી કે એના અણિયાળા દાંત જ દુનિયાની
રખેવાળી કરવા પૂરતા છે.



સમડીએ હસીને કહ્યું, "જાનવરો તો માત્ર જમીન પરનું ધ્યાન
રાખી શકશે, વહેલ અને શાર્ક પાણીમાં રહેતા જીવોનું, પણ
હું તો જમીન- આસમાન- પાણી એ ત્રણેય
પર ઉડતાં ઉડતાં નજર
રાખી શકું છું."






દુનિયા ઘડનારાએ ખૂબ ધ્યાનથી
બધાની વાત સાંભળી.
તે બોલ્યા, “હું માણસ બનાવીશ.”
બધા જાનવરો વિચારમાં પડી ગયા.
આખરે માણસનું રૂપ, રંગ કેવા
હશે?
શું એને પણ પાંખો હશે?
શું એ સિંહની જેમ ભાગી શકશે?
શું એ માછલીની જેમ તરશે?
કે પછી સમડીની જેમ ઊંચે
ઉડશે?

સૂરજ ડૂબી ગયો હતો, રાત પડી ગઈ હતી. દુનિયા ઘડનારાએ તારાઓની ઝગમગતી ચમક એમની આંખમાં નાખી.


કાળાં વાદળાં જેવા વાળ બનાવ્યા. ચાંદા જેવા સફેદ નખ અને દાંત બનાવ્યા. એમના પગ મજબૂત, દિમાગ તેજ અને હાથ એવા કે અજબ-ગજબની ચીજો બનાવી શકે.



જ્યારે રાત વીતી ગઈ અને સવાર પડી તો દુનિયા ઘડનારાએ બીજી જોડી બનાવી. સવારનો સફેદ પ્રકાશ એમની ચામડીમાં, આકાશનો ભૂરો રંગ એમની આંખોમાં નાખ્યો અને સૂરજના સોનેરી કિરણોથી એમના વાળ ચમકાવી દીધા.




હવે બપોર પડી ગઈ. સૂરજ તપતો હતો. પ્રખર તડકો પીળા ચળકાટભર્યા બાણ વરસાવતો હતો. ત્રીજી જોડી બનાવવા માટે એણે પીળો પ્રકાશ કાપ્યો, બપોરના ઘેરા છાંયડાથી વાળ બનાવ્યા, કાળી-ત્રાંસી આંખ બનાવી, કે જેથી સૂરજ સામે જુએ ત્યારે તેઓ આંખો મીંચી ના દે.



સાંજ પડી ગઈ હતી. દુનિયાનો ઘડનારો આસમાની આકાશમાંથી નીચે જોઈ રહ્યો હતો. ચોથી ને આખરી જોડીના શરીર ઉપર એણે ભીની માટી જેવો રંગ લીંપ્યો. રાત જેવી જ કાળી ચામડી બનાવી. મોતી જેવા દાંત, મોટી મોટી આંખો અને સુંદર નાક અને રેખાઓ અને આ રીતે ભૂરા અને શામળા રંગના પુરૂષ અને સ્ત્રી બની ગયાં.




બધાં જાનવરો તાજુબીથી આ પુરૂષો અને સ્ત્રીઓને બનતાં જોઈ રહ્યાં હતાં. આ લોકો પોતાના બે પગ પર ઊભાં હતાં. એમના શરીર પર પાંખો નહોતી, રૂંવાટી નહોતી. સિંહે ત્રાડ નાખી, "એનાથી ય વધારે ઝડપથી હું દોડી શકું છું. મારા પંજાનો માર ભલા એ સહી શકશે?"




ઝીબ્રા બોલ્યું - “અરે, પટા પટા હોત તો વાત કંઇક જુદી હતી.”
બધાં જાનવર એવું જ માનીને બેસી ગયાં કે તેઓ ઈન્સાન કરતાં
વધારે સુંદર છે.
હાથી બોલ્યો-“શું મારો સિલેટિયો રંગ વધારે સુંદર નથી?”
ચિત્તાએ કહ્યું- “બે ચાર ધબ્બા યે એના શરીર પર હોત તો સારૂં
લાગત.”



શાર્ક એમના નાના-નાના દાંત જોઈને હસવા લાગી, "હં.....આ ભલા તરશે શી રીતે? એ અમારી રખેવાળી શી રીતે કરશે?" નાની-મોટી બધી માછલીઓ હસતાં હસતાં પાણીમાં ડૂબકીઓ લગાવવા માંડી અને પોતાની પાછળ હાસ્યના પરપોટા છોડવા લાગી.






દુનિયા રચનારો જરા મૂંછમાં મરક્યો, "તમે બધાં ગભરાશો નહિ. તમને જોઈને જ ઈન્સાન દોડતાં, ભાગતાં, હસતાં, રમતાં, તરતાં શીખી જશે."

તમારા જેવા જ રંગબેરંગી ધબ્બા અને ચટાપટા તે પોતાના રંગબેરંગી કપડાં પર બનાવશે. પોતાના તેજ દિમાગથી એવી ચીજો બનાવશે જે એને આસમાનથી ઊંચે અને સમુદ્રના ઊંડાણ સુધી લઈ જશે. તમારી મદદથી ઈન્સાને દરેક જીવની રક્ષા કરવી પડશે. સમુદ્રની, ઝાડ-છોડની, બધાં પશુ-પક્ષીઓની."

આવો, આ સુંદર દુનિયાની રખેવાળી કરવાનો સંકલ્પ લઈએ.





દુનિયા ઘડનારાએ જાત-જાતના પશુ-પક્ષી બનાવ્યાં. ત્યાર બાદ દુનિયાની રખેવાળી કરવા એ ઈન્સાન બનાવવા લાગ્યો. પશુ-પક્ષીઓએ એનો વિરોધ કર્યો- એ કહેતાં હતાં કે આની શી જરૂર છે. આખરે દુનિયા બનાવનારાએ શું કર્યું - એની વાર્તા છે - 'અમારી સુંદર દુનિયા.'

આ લેખકનાં અન્ય પુસ્તકો

એક ભારે મુસીબત • રોતલ અને મુક્કી

નૌકા સહેલ • નાનકો કરોળિયો

ઘણી બધી ભારતીય ભાષાઓમાં આકર્ષક વિષયોની પુસ્તિકાઓની સમગ્ર શ્રેણી માટે જુઓ

**www.prathambooks.org**

અમારાં પુસ્તકો અંગ્રજી, હિન્દી, તમિળ, તેલુગુ, કન્નડા, મરાઠી, ગુજરાતી, બાંગ્લા, પંજાબી, ઉર્દૂ, અને ઉડિયામાં ઉપલબ્ધ છે.

**PRATHAM BOOKS**

**પ્રથમ બુકસના** પ્રકાશકનો હેતુ નફો રળવાનો નથી. તેઓ ઊંચી ગુણવત્તાની અને પોસાય એવી કિંમતે બાળપુસ્તિકાઓ ભારતીય ભાષાઓમાં પ્રગટ કરે છે.

ISBN 81-8263-400-8

9788182634008

Age Group: 7-10 years
Aapni Sundar Duniya (Gujarati)
MRP: Rs. 20.00